# SAURASHTRA UNIVERSITY

**Exam Cell Section**

University Campus, University Road, Rajkot – 360005

Phone No.: (0281) 2576511 Ext. No.707-710 / FAX No.: (0281) 2586411

E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell /34642/ 2022 Dt12 / 07 / 2022

**પરિપત્ર :–**

**સંદર્ભ :–** પરીક્ષા સેલ વિભાગની તા.૦૨–૦૭–૨૦૨૨ ની નોંધ પર મળેલ માન. કુલપતિશ્રીના આદેશ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને, અનુસ્નાતક કેન્દ્રનાં નિયામકશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત બોર્ડ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટના ફોર્મ ભરતા સમયે સીટ નંબર, એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ નંબરની એન્ટ્રી કરતા વિગત સાચી જણાય તો તે વિદ્યાર્થી "AUTO FETCH" તરીકે ગણાશે અને તે સિવાયના અન્ય વિદ્યાર્થીઓ "NOT AUTO FETCH" તરીકે ગણાશે તેમજ તે વિદ્યાર્થીઓના પરિણામમાં "WITHHELD NAF" એવું દર્શાવવામાં આવશે અને તેમનું પરિણામ અનામત રાખવામાં આવશે.

વધુમાં જે વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટના ફોર્મમાં "NOT AUTO FETCH" આવે તેવા વિદ્યાર્થીઓએ તેમની પ્રવેશ મેળવતા સમયે છેલ્લે જે અભ્યાસ કરેલ હોય તેની માર્કશીટ ગુજરાત બોર્ડ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી વેરીફીકેશન કરાવી તેનો આધાર જમા કરાવ્યા બાદ તેઓનું અનામત રહેલ પરિણામ જાહેર કરવામાં આવશે.

સંદર્ભ પરની નોંધ પર મળેલ માન. કુલપતિશ્રીના આદેશ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ થી જે વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટના ફોર્મમાં "NOT AUTO FETCH" આવે તેવા વિદ્યાર્થીઓએ તેમની પ્રવેશ મેળવતા સમયે છેલ્લે જે અભ્યાસ કરેલ હોય તેની માર્કશીટ ગુજરાત બોર્ડ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી વેરીફીકેશન કરાવી તેનો આધાર નિયત સમય મર્યાદામાં મેળવી પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનો રહેશે અન્યથા તેઓનું પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહિ તેની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

| | |
|---|---|
| ૦૧ (એક) વર્ષનો અભ્યાસક્રમો હોય તો (કુલ–૦૨ સેમેસ્ટર) | વિદ્યાર્થીએ બીજા સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે. |
| ૦૨ (બે) વર્ષનો અભ્યાસક્રમ હોય તો (કુલ–૦૪ સેમેસ્ટર) | વિદ્યાર્થીએ ત્રીજા સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે. |
| ૦૩ (ત્રણ) વર્ષનો અભ્યાસક્રમ હોય તો (કુલ–૦૬ સેમેસ્ટર) | વિદ્યાર્થીએ ત્રીજા સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે. |
| ૦૪ (ચાર) વર્ષનો અભ્યાસક્રમ હોય તો (કુલ–૦૮ સેમેસ્ટર) | વિદ્યાર્થીએ ત્રીજા સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે. |
| ૦૫ (પાંચ) વર્ષનો અભ્યાસક્રમ હોય તો (કુલ–૧૦ સેમેસ્ટર) | વિદ્યાર્થીએ ત્રીજા સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે. |

ઉક્ત કોષ્ટકમાં કોર્ષનો સમયગાળો તથા વિદ્યાર્થીએ કયાં સેમેસ્ટરનું પરીક્ષા ફોર્મ ભરાય તે પહેલા માર્કશીટ વેરીફીકેશન અંગેનો આધાર જમા કરાવવાનો રહેશે તે બાબતને ગંભીરતાથી લેવા વિદ્યાર્થીઓને જણાવવા વિનંતી, અન્યથા તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહિ, જે બાબત પણ ધ્યાન પર મૂકવા વિનંતી.

પરીક્ષા નિયામક

**પ્રતિ, (વિદ્યાર્થીઓના ધ્યાન પર ખાસ મુકવા અર્થે)**

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ...
૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના નિયામકશ્રીઓ તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ...

**નકલ રવાના :–** (જાણ અર્થે)

૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) પરીક્ષા વિભાગના તમામ વિભાગો તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ અન્ય વિભાગો તરફ...